


## સલામી સવારની..

*નોટબંધી - જીએસટીમાં ફૂગાવો ફૂલાઈ ગયો !*
*‘ઘી’ નો આખે આખો ડબ્બો ખીચડીમાં ઢોળાઈ ગયો !*
*ભૂલાઈ ગયો નારો, ‘ખાવા દેતો નથી’ (મારા સિવાય) -*
*પ્રચારના પડઘમમાં વિકાસ ભૂલાઈ ગયો!*

### હાઈકુ

*કરી સહાય!*
*શસ્રોની ખરીદીમાં -*
*સૈન્યને પણ...*

*ટેકનીકલ -*
*દીધું માર્ગદર્શન -*
*યુદ્ધ મેદાને...*
*(પછી તો સેના મારી જ કહેવાય ને ?!)*

### ચિંતન

*દેહેન્દ્રિયાદૌ કર્તવ્યે મહામમ્ભાવવર્જિતઃ ।*
*ઔદાસીન્યેન યસ્તિષ્ઠેત્ સ ‘જીવન્મુક્ત’ ઈષ્યતે ॥*

ઉપરોક્ત શ્લોક ‘વિવેક ચૂડામણિ’ ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

દેહ, ઈન્દ્રિયો, બુદ્ધિ તથા વિષયો વગેરેમાં અને કર્તવ્યમાં જે અહંકાર કે મમતાના ભાવોથી રહિત તેમજ ઉદાસીનતાભાવે રહે તે ‘જીવનમુક્ત’ કહેવાય છે.

શરીર, ઈન્દ્રિયો, વિષય-વાસનાઓ, મન-મનીષા-બુદ્ધિ કે પોતાના ફરજ - કર્તવ્યો પરત્વે પણ જે તટસ્થ ભાવે - નિરંકાર રહી શકે એ આત્મા ઉદાસીન ભાવે - સંસારથી નિર્લેપ રહીને જીવનમાં રહીને પણ જીવન સંસારથી નિર્લેપ રહી શકે છે તે જીવ આત્મા જીવન-મુક્ત-નિર્મોહી કહેવાય.

### સુવિચાર

- યાદ રાખો પ્રાર્થના એટલે અરજભરી માગણી, આજીજી, વિનંતી નહીં કે ઉઘરાણી - **રાજુ અંધારીયા**
- બીજાને આપણી ઈચ્છા મુજબ ન ટાળી શકાય તો ગુસ્સે ન થઈ જવું, ખુદ પોતાની જાતને પણ આપણે કયા સ્વેચ્છા મુજબ ઘડી શકીએ છીએ - **સંત રોબિન**
- હાથ-પગ બાંધી સમંદર તર હવે, પાંખમાં લઈ પરવાજ વિસ્તર હવે - **સમીર**
- સંકટ સમયે સ્વાર્થ માટે માણસ પ્રાર્થના કરે અને એ ઈશ્વર સાંભળ્યા કરે તો તો જગતમાં અનર્થ સર્જાઈ જાય - **હરકિસન મહેતા**
- ગુજરાતી ભાષામાં એક અપશુકનિયાળ શબ્દ છે અને એ શબ્દ છે ‘ચાલશે’ ચાલશે કહેનારો માણસ થીંગડાં મારીને જીવનારા હોય છે, ભરપૂર જીવનારા નથી હોતા - **સુરેશ દલાલ**
- પુરુષાર્થના પાત્રમાં કૃપા નિવાસ કરે છે - **ગુણવંત શાહ**
- આજનું ઔષધ : એલચીનો પાઉડર અને પીપરી મૂળ પાઉડર સરખે ભાગે લઈ ઘી સાથે રોજ ખાવાથી હૃદયરોગમાં રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક યુવક રામકૃષ્ણ પરમહંસ પાસે આવ્યો, તેણે પરમહંસનાં ચરણમાં પ્રણામ કરી કહ્યું, ‘મને તમારો શિષ્ય બનાવો અને ગુરુમંત્ર આપો, જેથી આગણ જઈને હું પણ તમારી જેમ એક સંત બની શકું.’

રામકૃષ્ણે કહ્યું, ‘તમારા સિવાય તમારા પરિવારમાં કોણ છે?’ યુવકે જવાબમાં કહ્યું, ‘મારા ઘરમાં મારા સિવાય મારા વૃદ્ધ માતા જ છે.’ રામકૃષ્ણે પૂછ્યું ‘તું ગુરુમંત્ર લઈને સાધુ શા માટે બનવા માંગે છે?’

યુવકે કહ્યું ‘હું મોહમાયા અને ઊંચ-નીચથી ભરેલા આ સંસારને છોડીને મુક્તિ મેળવવા માંગુ છું.’ રામકૃષ્ણે તેને સમજાવતા કહ્યું, ‘ભાઈ, તું મુક્તિ નથી ઈચ્છતો પણ તું તારી માતાની જવાબદારીથી દૂર ભાગવા માંગે છે. મુક્તિ વગેરે તો એક બહાનું છે. તને લાગે છે કે તું સાધુ બનીને કોઈ પણ પ્રકારની જવાબદારી વગર જીવન જીવી શકીશ, તારું કામ તો થશે; બીજાનું જે થવું હોય તે થાય, વાસ્તવમાં તું જે ઈચ્છે છે તે સાધના નથી, પરંતુ પલાયનવૃત્તિ છે.’

યુવાનને પરમહંસની વાત સમજાઈ.

# ભાજપના જ ભાજપનું બગાડે છે

**તંત્રીસ્થાનેથી...**

ઉન્નાવની બેઠક પર વિવાદાસ્પદ વિધાનો કરી દુનિયાભરમાં અળખામણા બની ગયેલા સાક્ષી મહારાજને ઉમેદવાર તરીકે રિપીટ કરવા પડે કે ભોપાલની બેઠક પરથી વિજેતા બનતાં રહેલાં વરિષ્ઠ નેતા સુષમા સ્વરાજના સવેળા ઈનકાર પછી માલેગાંવ બ્લાસ્ટના આરોપી તથા જામીન પર છૂટેલા કહેવાતાં સાધ્વી પ્રજ્ઞા ઠાકુરને ઉમેદવાર તરીકે ઉતારી બહુમતી હિંદુ સમાજના મતોનું ધ્રુવીકરણ કરવાનો ખેલ પાડવો પડે તે મોદી-શાહની રાજનીતિને શંકાની નજરે જોવાનું પૂરતું નિમિત્ત છે. સાક્ષી મહારાજ ગમે તે સમયે ગમે તેવું નિવેદન કરી બેસતા રહ્યા છે. હિંદુસ્તાન તરીકે ઓળખાતા દેશમાંથી મુસલમાનોએ નીકળી જવું જોઈએ એવા નિવેદનથી લઈ આ છેલ્લી ચૂંટણી છે - ત્યાં સુધી આત્યંતિક વિધાન કરીને પણ પાર્ટી માટેની પોતાની અનિવાર્યતા અકબંધ રાખી શક્યા છે. ઉત્તરપ્રદેશ જેવા દેશના સૌથી મોટા રાજયનું સુકાન વિધાનસભા કે વિધાન પરિષદના સદસ્ય નહીં એવા તત્કાલીન ગોરખપુરના સાંસદ યોગી આદિત્યનાથને સોંપવું પડે અને એમને મોદી-શાહ પછી ત્રીજા નંબરના સ્ટાર પ્રચારક તરીકે ચૂંટણીના કુરુક્ષેત્રમાં વાજતે-ગાજતે ઉતારવા પડે તે પણ ભાજપને હિંદુત્વ મુદ્દે પ્રજા સમક્ષ રજૂ કરવા માટેની અનિવાર્યતા હતી. પ્રજ્ઞા ઠાકુરે ઉમેદવારી કરતાંની સાથે એમના અંગત નિવેદનો આપવા માંડ્યા. ત્યારે નાછૂટકે કોંગ્રેસના એ બેઠક પરના ઉમેદવાર અને મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજયસિંહને નાછૂટકે કોમ્પ્યુટર બાબા જેવા હઠયોગીનો સહકાર લઈ સાધુઓની વિશાળ રેલી યોજવી પડી. ઝેરનું મારણ ઝેર જ હોઈ શકે, તેનું આ કિસ્સો ઝળહળતું ઉદાહરણ છે. પ્રજ્ઞા ઠાકુરે છેલ્લે નાથુરામ ગોડસે વિશે કરેલું વિધાન શાસક પક્ષ માટે ગળાનો ગાળિયો બની ગયું છે. ગાંધીહત્યાને વાજબી ઠેરવતા સાવરકર સ્કૂલના આગેવાનો એ મૂળે તો રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના જ લોકો છે. પ્રજ્ઞા ઠાકુરે ગોડસેને દેશભક્ત ઠેરવી મધપૂડો છંછેડ્યો છે, જેથી તાત્કાલિક ભાજપે આ મુદ્દે પાર્ટી એમની સાથે સંમત નથી એવી સફાઈ આપવાની ફરજ પડી છે. દેશ અને દુનિયામાં ભાજપની છાપ કટ્ટરવાદી હિંદુત્વની સમર્થક પાર્ટી તરીકે ઊભી થઈ છે. આખરે જે પાણીએ મગ ચડે એ પાણીએ ચડાવવાની મોદી-શાહની બેલડીની તૈયારી છે. કમલ હસન જેવા કલાકારે રાજકારણમાં ઝંપલાવતાંની સાથે ગોડસેને હિંદુ આતંકવાદી કહી ગાંધીહત્યાના સમર્થકોને મોઢામાં આંગળાં નાકી એમની અસલિયત ખુલ્લી પાડવાનો ખેલ પાડી દીધો છે. ગાંધીહત્યાને વાજબી ઠેરવનારો એક કટ્ટરવાદી વર્ગ આ દેશમાં છે જ; એનું પ્રતિનિધિત્વ કરનારાં તત્ત્વો ધર્મના નામે ભાજપની ટિકિટ પણ રાતોરાત મેળવી શકે તે આપણી લોકશાહીની વિડંબના છે.

# જિસ સાંપ કો મૈં સારી જિંદગી અપના ખૂન પીલાતા રહા, ઉસ સાપ ને આજ મુજ કો ડસા હૈ



jayuoza@gmail.com

**જિસ સાંપ કો મૈં સારી જિંદગી અપના ખૂન પીલાતા રહા, ઉસ સાપ ને આજ મુજ કો ડસા હૈ**

**- રાજા બાબુ**

ડેવિડ ધવન દિગ્દર્શિત ૧૯૯૪માં આવેલી ‘રાજા બાબુ’ ફિલ્મ સુપરહિટ સાબિત થઈ હતી... ડેવિડ ધવન અને ગોવિંદાની જોડી તે સમયે એક પછી એક ઘણી હિટ ફિલ્મો આપી રહી હતી. કરિશ્મા કપૂર, ગોવિંદા, કાદરખાન, શક્તિ કપૂર, અરુણા ઈરાની જેવા ધરખમ કલાકારોથી ભરચક આ ફિલ્મ મનોરંજનનો રસથાળ હતી.

વાસ્તવમાં આ ફિલ્મ કે. ભાગ્યરાજની એક તમિલ ફિલ્મની રીમેક હતી. ‘રાજા બાબુ’ના સંવાદ અનીસ બઝમીએ લખ્યા હતા. ઉપરોક્ત સંવાદ ફિલ્મમાં કાદરખાન બોલે છે, અને તેના અતિ વિશ્વાસુ ભાઈ પ્રેમ ચોપડાને કહે છે, જે ભાઈ પર અતિવિશ્વાસ કરી જિંદગીભર તેને સાચવ્યો તે જ જયારે દગો કરે છે, ત્યારે આ સંવાદ બોલાય છે.

પરંતુ આ પરિસ્થિતિ તો ચિરંતન છે, અને ચિરકાલીન છે, આ જ પ્રકારનો એક શ્લોક હજારો વર્ષો પહેલા નારાયણ પણ્ડિત દ્વારા લખાયેલ ‘હિતોપદેશ’માં મળી આવે છે.

**પયઃ પાનં ભુજંગાનાં કેવલં વિષવર્ધનમ્ ।**
**ઉપદેશો હિ મૂર્ખાણાં પ્રકોપાય ન શાન્તયે ॥**

**- હિતોપદેશ ૩/૪**

સાંપને દૂધ પીવરાવવાથી માત્ર તેમના વિષમાં જ વધારો થાય છે. મૂર્ખોને ઉપદેશ આપવાથી તેઓ ગુસ્સે જ થાય છે, શાંત નથી થતા.

‘હિતોપદેશ’ અને પંચતંત્ર આ બંને ગ્રંથ અગાઉ ઘણીવાર કહ્યુ તે પ્રમાણે ઘર ઘરમાં વસાવવા યોગ્ય ગ્રંથ છે. ખૂબ જ સરળ પશુ-પક્ષી પ્રાણીઓના ઉદાહરણ દ્વારા ગહન અને સારયુક્ત વાતો સમજાવવામાં આવી છે.

રાજાબાબુના લેખક અનીસ બઝમી હોય કે ‘હિતોપદેશ’ના લેખક નારાયણ પણ્ડિત હોય - તેમનું કહેવું અને સલાહ હજી આજ દિન સુધી એક જ છે કે દુશ્મનને પોષવાથી આપણું કોઈ દિવસ ભલું થયું નથી કે થવાનું નથી.

# નીરવ પટેલને શ્રદ્ધાંજલિ





વૃત્તસંચય

ગુજરાતી જાણીતા લલિત અને દલિત કાવ્યોના રચયિતા અને સંવેદનશીલ કવિ ડો. નીરવ પટેલનું તા. ૧૫-૫-૨૦૧૯ના રોજ દુઃખદ નિધન થયું. કવિ નીરવ ભલે નિઃરવ થયા, પરંતુ તેમની અમર રચનાઓનો શબ્દરવ સદાય ગૂંજતો રહેશે. નીરવ પટેલ માત્ર દલિત સાહિત્યના જ નહીં પણ સમગ્ર ગુજરાતી કાવ્ય પરંપરાના એક વિશિષ્ટ કવિ હોવાના કારણસર, ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા - તા. ૪-૫-૨૦૧૯ના રોજ, ગુજરાતી કાવ્ય પરંપરાના એક વિશિષ્ટ કવિ, નીરવ પટેલના જીવન, કવન અને સર્જનને ઉજાગર કરતો એક કાર્યક્રમ અકાદમીના અધ્યક્ષ ડો. વિષ્ણુ પંડ્યાના અધ્યક્ષસ્થાને યોજી, તેમના પરના દસ્તાવેજી ફિલ્મ અને જીવન ઝરમર રજૂ કરવામાં આવ્યા હતા. અને કેન્સલ જેવી જીવલેણ બિમારીમાં પણ છેલ્લે સુધી બહાદુરીપૂર્વક લડીને, સાહિત્ય સર્જન કરતા રહ્યા હતા, તે હિંમતને બિરદાવવામાં આવી હતી. સદ્ગત પુણ્યાત્માને ભાવભીની સ્મરણાંજલિ સહ શ્રદ્ધાસુમન અર્પણ.

- muljibhaidadhi@gmail.com
Mo. 9824236893

# કમળાબેન પટેલ અને સાબરમતી આશ્રમ જીવન




કમળાબહેન પટેલે મહાત્મા ગાંધી સ્થાપિત સાબરમતી આશ્રમના પોતાના કેટલાક સંભારણા લખ્યા છે તેમાંનો એક પ્રસંગ ફરી ફરી યાદ કરવો ગમે તેવો છે.

કમળાબહેન લખે છે કે આશ્રમ જીવનના નિયમો પ્રમાણે તેઓ તેમને સોંપવામાં આવેલું કામ કરતા હતા. મોટા ભાગે આશ્રમના સફાઈ કામની કેટલીક જવાબદારી કમળાબહેનના શિરે હતી. એક દિવસ કમળાબહેનના સહકર્મી બીમાર હોવાથી કમળાબહેનના ભાગે બેવડું કામ કરવાની જવાબદારી આવી. વધારે કામ કરવાથી તેમને થાક લાગ્યો. પોતાનું કામ પૂરું કર્યા બાદ જમવા જવા માટેનો ઘંટ વાગ્યો. પરંતુ થાકના કારણે કમળાબહેનને રસોડા સુધી ચાલીને જવાની પણ ઈચ્છા થઈ નહિ. આથી પોતાના રૂમમાં શેતરંજી પાથરીને થાક ઉતારવા સૂતા અને ઘસઘસાટ ઊંઘી ગયા. બીજી બાજુ જમનારની પંગતમાં કમળાની ગેરહાજરી બાપુના ધ્યાનમાં તરતજ આવી. કમળા જેવી મા વગરની દિકરીઓના બાપુ મા હતા. બાપુએ પૂછપરછ કરી કે કમળા જમવા કેમ નથી આવી ? બાએ જણાવ્યું કે કમળાએ સફાઈનું કામ તો પૂરું કર્યું હતું અને નહાવા ગઈ હતી. હમણાં આવી જશે તેમ પણ કોઈએ બાપુને સમજાવવા કહ્યું. પણ આ મહાત્મા એમ માની લે તેવા ન હતા. એ તો કમળાના રૂમ તરફ થોડા સમય પછી ઉતાવળા પગલે ગયા. કેમ સૂતી છો તેવા બાપુના પ્રશ્નને કારણે કમળાબહેન સફાળા જાગી ગયા. કમળાબહેને ‘પેટમાં દુઃખે છે’ તેવું બાળ સહજ હાથવગું બહાનું રજૂ કરી છૂટવા પ્રયાસ કર્યો. આ બહાનાને કારણે તેઓ ગાંધી નામના આ તબીબની સ્નેહ જાળમાં આબાદ ફસાઈ ગયા. બાપુનો હુકમ છૂટ્યો. “કમળા, જીભ બતાવ !” જીભ જોઈ કહે સફેદ છે. બાપુ પોતાની સાથે કમળાબહેનને પોતાની ઘરગથ્થુ દવાઓ રહેતી હતી ત્યાં લઈ ગયા. ત્યાં પડેલા દિવેલની શીશીમાંથી એક મોટો ચમચો દિવેલનો કાઢી કમળાને કહે : “ કમળા, મોં પહોળું કર ” કમળાબહેને આ અપ્રિય ઈલાજથી છટકવા માટે લગભગ બૂમ પાડીને કહ્યું : “ ના બાપુ, દિવેલ મારાથી નહિ પિવાય. ” કમળાની વહારે કસ્તુરબા આવ્યા. બાપુને કહે : બપોરે મારા માટે કૉફી બનાવીશ ત્યારે કમળાને કૉફીમાં દિવેલ પિવરાવી દઈશ.” પરંતુ બાની આ પ્રયુક્તિ ચાલી નહિ. બાપુએ બાને કહ્યું : “ બહાદુર દીકરીને તું ખોટા લાડ ન કરાવીશ.” ફરી પાછા આ તબીબ કમળાની થોડી રાહત માટે પોતાના થરમોસમાંથી ગરમ પાણીના બે કોગળા કમળાને કરાવે છે. બાપુના આ પ્રયાસથી તેમજ કદાચ બાના સૂચનથી કમળાને આ મુશ્કેલીમાંથી છૂટવાની એક આશા જાગી. પરંતુ આવી આશા ક્ષણિક નીવડી. હજુ પણ દિવેલનો ભરેલો ચમચો બાપુના હાથમાં જોઈને કમળાની થોડી ઘણી આશા પણ અદ્રશ્ય થઈ ગઈ. બાપુએ કમળાની મુશ્કેલી ઓછી કરવા માટે તેની જીભ પર મીઠાની એક ચપટી ભરીને મૂકી. રડતી સૂરતે કમળાએ દિવેલનો ચમચો પેટમાં ઉતાર્યો. જોકે ગરમ પાણી તથા થોડા મીઠાને કારણે કમળાની તકલીફ થોડી ઓછી થઈ તે ખરું. એક નાની એવી આ ઘટનામાં ગાંધી નામના આ મહામાનવની નાનામાં નાના સાથી તરફની જાગૃત સંવેદનાના ઉજળા દર્શન થાય છે. “ ઝીણી નજરે ” જોનારા આ મહાત્માની અનેક વાતો કમળાબહેને “સાબરમતી આશ્રમના મારાં સંભારણાં” (૧૯૨૫-૧૯૩૧) નામની પુસ્તીકામાં સરળ તથા રસાળ શૈલિમાં આલેખ્યા છે.

કમળાબહેન પટેલ એ આપણાં ગાંધીયુગના એક વિરાંગના છે. જેમની જીવનકથા નવી પેઢી સુધી લઈ જવા જેવી છે. કમળાબહેનના માતાનું અવસાન થયું. તેમના પિતાને બાપુએ સરદાર સાહેબની સહાય માટે બારડોલી મોકલ્યા. માતાપિતાની ગેરહાજરીમાં મહાત્મા ગાંધીના સાબરમતી આશ્રમમાં કમળાબહેન તેમજ તેમની બહેનોએ રહેવું તેમ નક્કી થયું. નડિયાદથી સાબરમતી આશ્રમમાં કમળાબહેન ગાંધીજીની નજર હેઠળ રહેવા ગયા. બાપુનું ધ્યાન આ મા-બાપ વગરની દિકરીઓ તરફ સતત રહેતું હતું. કમળાબહેને આશ્રમજીવનના પોતાના સંભારણાના પ્રસંગો લખ્યા છે તેમાં ગાંધી નામના આ મહામાનવના વ્યક્તિત્વનું એક વિશેષ દર્શન થાય છે. આશ્રમજીવન એ ગાંધીજીના જીવનનો એક વિશિષ્ટ પ્રયોગ હતો. આશ્રમજીવનના માધ્યમથી ચિત્તશુધ્ધિ તથા જીવનશુધ્ધિના લક્ષને કેન્દ્રમાં રાખીને આશ્રમવાસીઓ એક પ્રકારે કહો તો ઉપાસનાથી ભરપૂર જીવન જીવતા હતા. અહિંસા, સાધનશુધ્ધિ તેમજ પરિશ્રમના પાઠો આશ્રમવાસીઓ સહેજે સહેજે શીખતા તથા સમજતા હતા. આથી આશ્રમજીવનને સંબંધિત વાતો તેમજ કથાઓ મહાત્માના આભિનવ પ્રયોગ વિશે જાણવી ગમે તેવી માહિતી પૂરી પાડે છે.

ભારતને આઝાદી તો મળી પરંતુ દેશના વિભાજનને કારણે અનેક માનવીય સમસ્યાઓનો જન્મ થયો. સુંદર તેમજ વિશાળ એવી આ દેશની ભૂમિ પર સૈકાઓથી ભાઈચારાના ભાવે રહેતી બે કોમ વચ્ચે વેરઝેર ફેલાયા. દેશના કેટલાક ભાગોમાં પાશવી તોફાનો થયા. આપણી માનવતા લાજી. કમળાબહેન લખે છે કે પંજાબની મહીલાઓએ જે યાતનાઓ વેઠી તેનાથી સમગ્ર પુરુષજાત પર ધિક્કારની ધિક્કારની લાગણી થઈ. જો કે નરી પાશવતામાં પણ કોઈ કોઈ પ્રસંગોમાં જાગૃત માનવતા ડોકીયા કરી રહી હતી. નવા રચાયેલા બન્ને દેશોના અમૂક ભાગમાં આ ઘટનાઓ બની.

બાપુની નજર હેઠળ જેમનું જીવતર ઘડાયું હતું તેવા કમળાબહેને યુવાનવયે આવી પડકારરૂપ પરિસ્થિતિમાં દેશના ભાગલા પછી બન્ને દેશોની શોષિત મહિલાઓ માટેજે કામગીરી કરી તે ઐતિહાસિક ઘટના છે. મૃદુલાબહેન સારાભાઈ સાથે રહીને કમળાબહેને કરેલી કામગીરીનો સવિસ્તર અહેવાલ ‘મૂળ સોતાં ઉખડેલાં’ પુસ્તકમાં જોવા મળે છે જે કમળાબહેને લખેલુંછે. કસ્તુરબા તેમજ મણીબહેન પટેલની હરોળમાં બેસી શકે તેવા મૃદુલાબહેન તથા કમળાબહેનની જીવનગાથા સદાકાળ યશસ્વી તેમજ પ્રેરણાદાયક છે.

# ગાંધીએ દૂર બેઠેલા અંત્યજોની સાથે કૂચ સૈનિકોને બેસાડીને જ ભાષણ કર્યું




મહાત્મા ગાંધીની દાંડીકૂચમાં લોખંડી શિસ્ત હતી. એ શિસ્ત સૈનિકોને પણ પાળવાની હતી અને સમાજજીવનની જે અયોગ્ય બાબતો હોય તેને ફગાવી દેવા માટેના કાર્યોમાં જન જનને જોડવાની પણ હતી. પહેલા જે ને આપણે સીધી શિસ્ત ગણીએ તેની વાત જોઈશું એપછી ગાંધીની સમાજપરિવર્તન બાબતની શિસ્તની વાત આપણે જોઈશું. દાંડીકૂચના સૈનિકો જે ગામેથી પસાર થવાના હોય અને તે ગામ કે માર્ગ ઉપર સૌથી પહેલા સોળ સ્વયંસેવકોની ટુકડી આગળથી જ પહોંચી જતી હતી. ગામલોકો સાથે મળીને દાંડીકૂચના સૈનિકોનો મુકામ તથા વગેરે અંગે ગોઠવણ કરતી હતી બીજી એક સોળ સ્વયંસેવકોની ટુકડી આગળના મુકામેથી પહેલી ટુકડી ઉપડી કે કેમ? અને કેટલે આવી એ અંગેના સંદેશાવાહકનું કામ કરવા રચાઈ હતી આ બધા સ્વયંસેવકો સાયકલ ઉપર આવજા કરે એવી ગોઠવણ હતી. કૂચના સૈનિકો અને કૂચના સ્વયંસેવકો સહીત તમામ માટે સૂચનાઓ મહાત્મા ગાંધીએ જારી કરી હતી. એનું કડક પાલન થતું હતું. એમાં ખોરાક સંબંધોની વાતોનો પણ સમાવેશ થઈ જતો હતો. વહેલી સવારે કૂચ શરૂ થાય તે પહેલા રાબ, બપોરને મુકામે પહોંચે ત્યાં ખીચડી દૂધ છાશનું ભોજન નક્કી કરવામાં આવ્યું હતું. અને સાંજે પણ એ જ ખોરાક હોયને, આ તો ગાંધીબાપુની દાંડીકૂચ હતી. એમાં ગાંધીસૈનિકોને સ્વાદના ચટાકાની છૂટ ક્યાંથી હોય! આખી યાત્રામાં મિષ્ટાન તો બિલકુલ જ નહીં એવી કડકાઈ પાળવામાં આવી હતી. દિવસમાં ત્રણ તોલાથી વધારે ઘી નહીં. પ્રાર્થનાનો સમય પણ સાંજના સાડા સાતનો ચોક્કસ કરવામાં આવ્યો હતો. કોઈ વખત આ કૂચ દરમિયાન જો સાડાસાત થઈ જાય તો રસ્તામાં જ પ્રાર્થના પણ શરૂ થઈ જાય એવો સ્પષ્ટ નિયમ પાળવામાં આવતો હતો. આ રીતે મહાત્મા ગાંધીની દાંડીકૂચ એક બે-નમૂન કુચ હતી. ગયા સપ્તાહે આપણે આ લેખમાળામાં દાંડીકૂચ મહી કાંઠાને પેલે પાર પહોંચી હતી એ વિગતો જોઈ હતી.મહિસાગર વટાવ્યા પછી આવેલા પહેલા ગામ કારેલી ખાતે દાંડીકૂચના સૈનિકો પહોંચ્યા હતા ત્યાં પણ તેમણે સરકારી તંત્રના હોદ્દાઓ સંભાળતા મુખી મતાદાર અને રાવણીયાઓને સરકારી હોદ્દાઓ છોડવા માટે વિનંતી કરી. પોણા ત્રણ લાખની વસતિમાંથી પાંચ હજાર સૈનિકો મળી રહે એવી આશા કઈ વધારે પડતી ન કહેવાય અને ચારસો ગામના મુખી અને મતાદારો જો રાજીનામા આપી દે તો કોઈને

> **ગાંધીજી અંત્યજો સાથેની આભડછેટને દુર્વ્યવ્હારની આઝાદી માટે પણ લડતા હતા**

જેલમાં જવું ન પડે એવો ઉલ્લેખ કરતાં તેમણે નિષ્કુળાનંદજીનું ભજન ‘ત્યાગ ન ટકે વૈરાગ્ય વિના‘ - ટાંકતા ગ્રામીણ ભારતીયોને તેમણે સ્વાતંત્રની લડતમાં જોડાવા માટે માર્ગદર્શિત કર્યા હતા. કારેલીથી બીજા દિવસે ગજેરા ગામેથી પસાર થયા પછી રાત્રિ નિવાસ અણખી ગામ ખાતે હતો.

આ ગામમાં પહોંચતા પહેલા દાંડીકૂચના સૈનિકો પૈકીના દસેક સૈનિકો બીમાર પડી ગયા હતા. તેમને સારવાર અર્થે ભરૂચ મોકલવાની ગોઠવણ કરવામાં આવી. ગાંધીજી જ્યારે સભાને સંબોધવા માટે આવ્યા ત્યારે તેમને ધ્યાનમાં આવ્યું કે આ સભામાં અંત્યજોને દૂર બેસાડવામાં આવ્યા છે. એટલે એમણે તરત જ છોટુભાઈને આવું કેમ છે? એ બાબતે પૃચ્છા કરી. ત્યારે છોટુભાઈ એ જવાબ આપ્યો કે ‘જો અંત્યજો સભામાં બધાની સાથે આવીને બેસે તો એમને હેરાન કરવામાં આવી બીક રહે છે, આથી આવી સ્થિતિ છે. ગાંધીને તેમની દાંડીકૂચની મુસાફરીમાં આવો પહેલો અનુભવ હતો. ગાંધીજીએ પોતાના સાથી સૈનિકો તેમણે અંત્યજોની વચ્ચે બેસવા કહ્યું ને પોતે એક શિક્ષક ની અદા થી અંત્યજોને બધાની વચ્ચે બેસાડવાની સંમતિ માંગી અને કહ્યું કે જો તમે સંમતિ ન આપો તો પણ હું પ્રવચન તો કરીશ પણ અંત્યજોની વચ્ચે બેસીને કરીશ. ભલે વકિલાત છોડ્યાને બાપુને વરસો થયા હોય પણ તેમણે ક્યારેય અંત્યજોની સાથેના સમાનતાભર્યા વ્યવ્હાર કરવાની વાત છોડી ન હતી. ત્યાં હાજર લોકોએ તરત જ બાપુને સંમતિ આપી. એ સમયે અંત્યજોના આનંદનો પાર રહ્યો ન હતો. દાંડીકૂચ સંબંધેના પુસ્તકમાં આવો ઉલ્લેખ આવે છે. આજથી ૯૦ વર્ષ પહેલા મહાત્મા ગાંધીએ જેમને સમાજના અન્ય જ્ઞાતિ અને વર્ગોની સાથે બેસાડી દીધા હતા ને આપણે એ જ જ્ઞાતિના જનો ઉપર આજે ૨૧મી સદીમાં વરઘોડા ઉપર પાબંદી મૂકીને કેટલું ગાંધી ને અણગમતું કરી રહ્યા છીએ તે સમજવું જોઈએ. ગાંધીને એક મહામાનવ તરીકે આપણે સ્વીકારીએ ત્યારે માત્ર તેની વાતો જ ન કરવાની હોય તેના વિચારોને પણ અમલમાં મૂકવાના હોય તો જ ગાંધીને આપણે આત્મસાત કર્યા છે એમ માની શકાય. એ સિવાય માત્ર ખોખલા વચનો અને ખાલી વાતો જ ગણાય.

આજથી ૯૦ વર્ષ પહેલા જ્યારે આપણે ગુલામ હતા. અંગ્રેજો જ્ઞાતિ અને ધર્મની બાબતમાં અદાલતની કાર્યવાહીમાં પણ ન્યાય તોળતા નહિ એવા સમયે મહાત્મા ગાંધીએ સ્વતંત્રતા એટલે સંપૂર્ણ આઝાદીના અર્થે ચેતના જગાવવામાં કાર્યરત બન્યા હતા. આ સમૂળગી આઝાદી એવી કે જેમાં સ્ત્રી પુરુષ તો સમાન હોય જ પરંતુ સદીઓથી જે નિમ્ન અને ઉચ્ચ જ્ઞાતિ- સવર્ણ જ્ઞાતિ અને અવર્ણ જ્ઞાતિ એવા ભેદભાવમાં જીવતા ભારતીયો વચ્ચે સમાનતા અને બંધુતાનો વિચાર વિકસાવ્યો હતો. અને અંત્યજોના ઉદ્ધારમાટે તેમણે આજીવન પ્રયાસો કર્યા હતા. દેશમાં આઝાદી તો આવી, બંધારણીય સમાનતા પણ આવી પરંતુ હજુ ગ્રામીણ વિસ્તારોમાં સ્પૃશ્ય અસ્પૃશ્યના ભેદ સમયે સમયે જુદી જુદી ઘટનાઓમાં જોવા મળે જ છે, એ તમામ ભારતીયો માટે દુઃખદ ઘટના ગણાય. આવી પરિસ્થિતિમાં દરેક ભારતીયએ પોતાનો વ્યક્તિગત ખુલ્લો વિરોધ કરીને સમાનતાની ભાવના માટે પ્રયાસો બળવત્તર બનાવવા પડશે. આપણે ભારતીયો એક છીએ, આપણે સૌ ભારતીયો એક માતપિતાના સંતાન છીએ એવો રાષ્ટ્રપ્રેમ કે રાષ્ટ્રવાદ ન વિકસાવી શકીએ?. જરૂર છે આવી રીતે ભારતીયતાને વિકસાવીને મહાત્મા ગાંધીને સાચી અંજલિ આપવાની. કારણ કે ગાંધી માત્ર ગોરાશાસનમાંથી છુટકારો મેળવવા માટે ન હતા લડતા. એ તો લડતા હતા સમૂળગી આઝાદી માટે. ગાંધીએ કલ્પેલી આઝાદી હજુ આપણે મેળવી શક્યા નથી આવો એ દિશામાં આપણે પ્રયત્નશીલ બનીએ.